Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# બાળકના વિકાસમાં સહાયક: પારિવારિક વાતાવરણ

**પંચોલી પિયુષા સોમદેવ**

રિસર્ચ સ્કોલર,ગુજરાત યુનિવર્સિટી

**ડો. જી. એસ. પટેલ**

રિસર્ચ સુપરવાઇઝર, ગુજરાત યુનિવર્સિટી

- **સારાંશ**

જીવન ઘડતર માં પરિવાર અને પારિવારિક સંબંધો ખૂબ જ મહત્વના છે. વારસાની સાથે સાથે માનસિક સિદ્ધિઓ પણ વ પારિવારિક સંબંધોના કારણે જ પ્રાપ્ત થાય છે. બાળક જ્યારે જન્મે છે ત્યારથી જ માતા પિતા અને પરિવારના અન્ય સભ્યો થકી સારી ખરાબ ટેવો નું અનુકરણ શરૂ કરી દે છે. જે આગળ જતા તેના વ્યક્તિગત વિકાસ માટે જવાબદાર બને છે. સાનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પરિવાર નો સાથ વ્યક્તિને બૃહદ પરિસરમાં રહેવા માટેની તાલીમ પૂરી પાડે છે. મહાન અને સફળ વ્યક્તિઓના જીવનમાં હંમેશા પરિવાર જ તેનીપ્રગતિ નું મૂળ હોય છે.

- **પ્રસ્તાવના**

પરિવાર સામાજિકીકરણ કરનાર પાયાનો એકમ છે. પરિવારમાં માતા પિતા, બાળકો અને અન્ય પારિવારિક વ્યક્તિઓ હોય છે. જેનો મુખ્ય આધાર લોહીના સંબંધનો હોય છે. પરિવાર સંબંધોની એવી વ્યવસ્થા છે જે માતા પિતા અને બાળકની વચ્ચે જોવા મળે છે. બાળકોના વિકાસ માટે પરિવારના વાતાવરણ અને પરિસ્થિતિને મહત્વ આપવામાં આવે છે. પરિવાર એ જ સ્થાન કે જગ્યા છે કે જ્યાં બાળકોમાં મહાન ગુણ ઉત્પન્ન થાય છે. તેનાથી બાળક ઉદારતા-અનુદારતા, નિ:સ્વાર્થ-સ્વાર્થ ન્યાય અન્યાય સત્ય અસત્ય પરિશ્રમ આલસ્ય માં તફાવત કરતા શીખે છે.

પ્લેટો મુજબ, જો તમે એમ ઈચ્છતા હોય કે બાળક સુંદર વસ્તુઓનો વખાણ અને નિર્માણ કરે તો તેની ચારે ઔર સુંદર વસ્તુઓની રજૂઆત કરો.

- **બાળકના જીવન વિકાસમાં પરિવારનો પ્રભાવ:**

1 પરિવાર બાળકની પ્રથમ પાઠશાળા છે. તે પરિવાર પાસેથી એવા તમામ ગુણ શીખે છે જે એને શાળા, સમાજ કે મિત્ર વર્તુળમાં જરૂર પડે.

2 બાળકોને પરિવારમાં નૈતિકતા અને સામાજિકતાનું પ્રશિક્ષણ મળે છે.

3 પરિવાર દ્વારા બાળકમાં સમયોજન અને અનુકૂલનના ગુણો વિકસિત થાય છે.

4 પરિવાર થકી બાળકમાં સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ થાય છે.

5 બાળકોમાં શ્રેષ્ઠ ટેવો અને ચારિત્રનો વિકાસ થાય છે.

6 પરિવાર બાળકને સામાજિક વ્યવહારોનું અનુકરણ કરતા શીખવે છે.

7 રસ, રુચી, અભિરુચિ તેમજ પ્રવૃત્તિઓના વિકાસમાં મદદરૂપ બને છે.

8 પરિવાર થકી બાળકનો વ્યક્તિક વિકાસ થાય છે તથા પ્રેમનું શિક્ષણ મળી રહે છે.

9 સહકાર, પરોપકાર, સહિષ્ણુતા, ફરજોનું પાલન વગેરે ગુણો વિકસિત થાય છે.

10 પરિવાર બાળકને સમાજમાં વ્યવહાર કરવાની સમજ તેમજ શિક્ષણ આપે છે.

- **બાળકના વિકાસમાં પરિવારની ભૂમિતાનું નિર્ધારણ:**

જ્યારે કોઈ બાળક પ્રેમ કરનાર અને સહયોગ કરનાર પરિવારમાં જન્મ લે છે ત્યારે તેનામાં મજબૂત, સ્વસ્થ અને પોષણ આપે તેવા સંબંધ બનાવી શકે તેવા ગુણોનો વિકાસ થાય છે. જેમ કે,

**1. સન્માન**

બાળક એક સ્પંજની જેમ હોય છે. તે પોતાની આજુબાજુ જે કંઈ પણ જુએ છે તેને શોષી લે છે. એટલે જો આપણે કોઈને સન્માન આપીએ છીએ તો આપણું બાળક પણ તેવી જ રીતે વ્યવહાર શીખી સન્માન આપે છે. તેવી જ રીતે વિરુદ્ધ વર્તન કરીએ તો બાળક પણ વિરુદ્ધ વર્ધન શીખે છે. એટલે બાળકમાં જો તમે ઉચ્ચ મૂલ્ય

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

શીખવવા માંગતા હોય તો નાની ઉંમરથી જ તેની કાળજી રાખી તેનામાં ગુણવિક્સિત કરવા જોઈએ. કેટલાક લોકો એમ વિચારે છે કે નાના બાળકો મૂલ્યના મહત્વને સમજતા નથી પરંતુ તે તદ્દન ખોટી વાત છે. બાળક ત્યારે જ સૌથી સારું શીખે છે જ્યારે તે પોતાના કાર્યના પરિણામોને સમજે છે. બાળકને સમજાવું જોઈએ કે જો એ એક નિશ્ચિત રીતે પોતાનો વ્યવહાર કરે છે ત્યારે તે શું કરી શકે છે અને જો એ જુદો વ્યવહાર કરે છે તેના પરિણામ પણ જુદા હશે. તેનાથી બાળકમાં સારા વિકલ્પ બનાવવાનો પ્રયાસો કરશે અને સારા પરિણામ ની આશા સાથે તેના મહત્વને પણ સમજશે.

**2. ભાવનાત્મક વિકાસ**

બાળકના વિકાસમાં ભાવનાઓ ખૂબ ઊંડી અસર પાડે છે. વ્યવહારિક રૂપથી જોવા જઈએ તો બાળકની ભાવનાઓને પરિવારે સમજવું જોઈએ અને તેના વિકાસ માટે સમર્થન પણ આપવું જોઈએ. પરિવારના સભ્યો થી બાળકને મળવા વાળી હું અને તેના ભાવનાત્મક કલ્યાણ માટે વિશેષ પોષણ આપે છે. તેની અંદર સુરક્ષા અને મૂલ્યની ભાવનાઓનો વિકાસ થાય છે. એક પ્રેમ ભર્યું પરિવાર બાળકના જીવનના ઉતાર ચઢાવને પહોંચી વળવા માટે સજ્જતા ધરાવે છે તેથી જ બાળક આ ભાવનાત્મક ગુણધર્મ થકી જીવન પર પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરી શકે છે.

**3. સામાજિક વિકાસ**

પરિવાર બાળકનો પ્રથમ સામાજિક સમુહ છે. જેનો અર્થ એ થાય છે કે બાળક જે કંઈ જ પણ શીખે છે પોતાના પરિવારના સભ્યોને જોઈને જ શીખે છે. જે પરિવારમાં એકબીજા સાથે પ્રેમ અને સન્માન થી વ્યવહાર થાય છે ત્યાં બાળકમાં એક સકારાત્મકતા ઉત્પન્ન થતી હોય છે જેનાથી તે સામાજિક કૌશલ્ય અને સંબંધો પ્રત્યે સકારાત્મક દ્રષ્ટિ કોણ વિકસિત કરી શકે છે. જેમકે બાળક એકબીજા સાથે વાતચીત કરે પોતાની વાતને રજૂ કરે

અને સહાનુભૂતિ કરતા શીખે છે. પરિવારમાં જો વિચારોની મૌખિક આપ લે થાય છે તો ત્યાં ભાષા કૌશલ્ય અને સંચાર ક્ષમતાઓમાં વધારો પણ જોવા મળે છે. મિત્રતા પ્રત્યે બાળકનો દ્રષ્ટિકોણ એ હંમેશા પારિવારિક સંબંધોનો અરીસો છે. સકારાત્મક વાતચીત દ્વારા પારિવારિક માહોલ સારા સહકર્મી તરીકેના સંબંધોના વિકાસ માટેનો પાયો તૈયાર કરે છે.

**4. જ્ઞાનાત્મક વિકાસ**

એક બાળકના વિકાસ માટે સંજ્ઞાત્મક, ભાવાત્મક અને ભાષા કૌશલ્ય વિકસિત કરવું ખૂબ જ જરૂરી છે. દીદી માતા-પિતા પોતાના સંજ્ઞાત્મક કૌશલ્યને સારું બનાવવા માટે બૌદ્ધિક ઉત્તેજન ખૂબ જ જરૂરી છે. પારિવારિક રમતો ફક્ત મનોરંજન માટે જ નહીં પરંતુ તેની પાછળ છુપાયેલ માનસિક કસરતો છે. બોર્ડ ગેમ, ઉખાણા વગેરે એક સાથે મળી સામાન્ય કાર્યોને હલ કરવા માટે મહત્વની ભૂમિકા ભજવે છે. કલ્પનાત્મક રમતો, કલ્પનાત્મક અભિવ્યક્તિ પરિવારમાં વિસ્તૃત રૂપથી વિચારવાની શક્તિ વધારે છે તેથી બાળક સમસ્યા-ઉકેલ, આલોચનાત્મક વિચાર ક્ષમતાઓનો નિર્માણ કરે છે જે તેના સંપૂર્ણ જીવન માટે ઉપયોગી સાબિત થાય છે.

**5. નૈતિક વિકાસ**

એક બાળકના વિકાસ માટે નૈતિક દિશા નિર્દેશ જીવન પર્યંત માર્ગદર્શન આપે છે. એ પરિવારની દીવાલોની વચ્ચે નિર્ધારિત થાય છે. બાળકના વિકાસમાં મૂલ્યો પ્રાથમિક સ્ત્રોત તરીકે હોય છે. જે પેઢી દર પેઢી તેને ઈમાનદારી,નિષ્ઠા અને સન્માનના મહત્વ માટેનું શિક્ષણ આપે છે. પરિવારના સદસ્યો વચ્ચે ભાવનાત્મક આદાન-પ્રદાન જેમકે, માંદગી વખતે એકબીજાને દેખરેખ બાળકને સહાનુભૂતિ અને કરુણા શીખવાડે છે જે સામાજિક જીવન માટે ખૂબ ઉપયોગી છે. સુધાર અને માર્ગદર્શનના માધ્યમથી પારિવારિક એકમો નૈતિક સીમાઓને રેખાંકિત કરવામાં મદદ કરે છે તેથી બાળકોને સાચા ખોટામાં તફાવત જાણવામાં મદદ મળે છે.

**6. ઓળખ નિર્માણ**

વ્યક્તિગત ઓળખ,વ્યક્તિગત પરખ અને વારસા બંનેના સંદર્ભમાં પારિવારિક પૃષ્ઠભૂમિથી પ્રભાવિત થાય છે. બાળકો વારંવાર પોતાના પરિવારની સંસ્કૃતિ, રુડીયો અને પ્રથાઓના માધ્યમથી પોતાને મૂલવેજ તેથી તેમની સમગ્ર ઓળખના વિકાસનો તે આધાર તૈયાર કરે છે. ભારતમાં જ્યાં સાંસ્કૃતિક અને જ્ઞાતિની ઓળખ મજબૂત છે ત્યાં પરિવાર ગર્વની સાથે પરંપરા ને વિશેષ મહત્વ આપે છે. તે બાળકોને ભાષા અનુષ્ઠાન અને રીતી રિવાજ શીખવાડે છે. એક મજબૂત પરિવાર બાળકની પ્રતિભા અને પ્રયત્નોને પ્રોત્સાહિત કરે છે. તે એક સ્વસ્થ આત્મ-છવી અને બાદ દુનિયાનો સામનો કરવા માટે આવશ્યક આત્મવિશ્વાસનો વિકાસ કરે છે.

**7. શૈક્ષણિક સફળતા**

શિક્ષણ,સામાજિક પ્રગતિ નો એક મુખ્ય ચાલક છે અને બાળકોના શૈક્ષણિક માર્ગમાં પરિવારનું યોગદાન તેને સશક્ત મૂળ છે. શિક્ષણને મહત્વ આપનાર ઘરેલુ વાતાવરણ બાળકના શૈક્ષણિક પ્રયત્નો માટે ઉત્પ્રેરકનું કાર્ય કરે છે. અભ્યાસ માટે એક શાંત સ્થળ પ્રદાન કરે છે તથા મહત્વપૂર્ણ સમયમાં નૈતિક સમર્થન આપે છે. જે પરિવારોમાં પુસ્તકો, તકનીકી ઉપકરણો અને સહ અભ્યાસ પ્રવૃત્તિનો ઉપયોગ થાય છે તે બાળકો શીખવાના અનુભવને સમૃદ્ધ બનાવે છે અને શૈક્ષણિક પરિણામોમાં વૃદ્ધિ કરે છે. શાળા સંબંધિત વાત બધોમાં માતા-પિતાની સક્રિય ભાગીદારી જેમ કે, વાલી મિટિંગમાં ઉપસ્થિતિ અને ગૃહકાર્યમાં ધ્યાન આપવું, વગેરે બાળકની શૈક્ષણિક ભાગીદારી અને સફળતામાં ખૂબ જ યોગદાન આપે છે.

નિષ્કર્ષના રૂપમાં બાળકોની માવજાત કરવી કોઈ સરળ કાર્ય નથી એના માટે માતા પિતાના તરફથી મહત્વના પ્રયાસો જરૂરી છે. જ્યારે માતા પિતા બાળકના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે ત્યારે કોઈપણ બાળકના વિકાસમાં પરિવારની ભૂમિકાને નજર અંદાજ કરી શકાય નહીં. માતા પિતા સારા મૂલ્યો અને તેઓને શીખવાડે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

છે અને પરિવારના સભ્યો એક સુરક્ષિત અને સહાયક વાતાવરણ પ્રદાન કરે છે તેથી બધા એ મૂળ પકડી રાખી શકે છે. પરંતુ એ યાદ રાખવું મહત્વનું છે કે પૂર્ણતા કાયમ સંબંધ હોતી નથી અને ભૂલો કરવી કઠિન છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે ભૂલોને ઓળખી અને તેને સુધારવા માટે પગલું લેવું. સવિશેષ વિભક્ત કુટુંબમાં માતા પિતા માટે આ કાર્ય ખૂબ જ કૌશલ્ય માંગી લે તેમ છે.